# કાંકરિયા ગામે ખેતીની જમીનમાં ૫૦૦૦ ટન ગંદા કચરાનો નિકાલ

**કચરાનો** ગેરકાયદે નિકાલ કર્યાના સુરત મહાનગર પાલિકાના સોલિડ વેસ્ટ વિભાગ સામે ગંભીર આક્ષેપ

**આરોગ્ય** અને પર્યાવરણ જોખમમાં, કલેક્ટર, મ્યુનિ. કમિશનર, DDO, DHO અને GPCBને ઉગ્ર રજૂઆત



સુરતઃ સુરત જિલ્લાના અંબિકા તાલુકાના મોજે કાંકરીયા ગામે સર્વે નંબર ૯૦ની ખેતીની જમીનમાં સુરત મહાનગર પાલિકાનો અંદાજે ૫૦૦૦ ટનથી વધુ ગંદો કચરો ગેરકાયદે રીતે નાંખવામાં આવ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆત મુજબ સુરત મહાનગર પાલિકા પાસે ખજોદ ખાતે સોલિડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટ કાર્યરત છે, જ્યાં કચરાનું પ્રોસેસિંગ અને રિસાયક્લિંગ થવું જોઈએ. તેમ છતાં, નિયમિત નિકાલ કરવાને બદલે કચરો અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદે રીતે નાંખવામાં આવી રહ્યો છે, જે પર્યાવરણીય નિયમોનો સ્પષ્ટ ભંગ છે.

કાંકરીયા ગામની ખેતીની જમીનમાં નાંખવામાં આવેલા કચરામાં બાયો-મેડિકલ વેસ્ટ પણ મળ્યો હોવાનું સામે આવ્યું છે, જે અત્યંત ચેપી અને માનવ સ્વાસ્થ્ય માટે ઘાતક સાબિત થઈ શકે તેમ છે. આ કચરાથી ગામમાં રોગચાળો ફેલાવાનો ખતરો ઊભો થયો છે તેમજ આસપાસના ખેતરો અને જમીનની ઉર્વરતા પર પણ માઠી અસર પડી છે.

રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે, ખેડૂત દ્વારા કચરો લાવવાની પ્રક્રિયા અને પરવાનગી અંગે તપાસ થાય. સુરત મહાનગર પાલિકાની જવાબદારી નક્કી કરવામાં આવે. સંડોવાયેલા અધિકારીઓ અને ખાનગી વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી થાય. સમગ્ર મામલે વિજિલન્સ તપાસ હાથ ધરવામાં આવે. આ સમગ્ર ઘટના કાંકરીયા ગામના લોકોના આરોગ્ય, પર્યાવરણ અને ખેતી માટે ગંભીર જોખમરૂપ બની છે.

## કચરો સુરત મહાનગરપાલિકાને પરત મોકલવા GPCBની સૂચના

આ ગંભીર મામલે ગામલોકોની ફરિયાદ બાદ કાંકરીયા ગ્રામ પંચાયત દ્વારા મહુવા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા યોગ્ય ફરિયાદ નોંધાવવામાં આવી છે. સાથે જ મામલતદાર અંબિકા તાલુકા, તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારીને લેખિત રજૂઆત કરાઈ હતી. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા સ્થળ તપાસ કરી આ કચરો સુરત મહાનગર પાલિકાને પરત મોકલવાની સૂચના આપવામાં આવી છે. ઉપરાંત, મામલતદાર મહુવા દ્વારા પણ જીપીસીબીને નિયમ અનુસાર કાર્યવાહી કરવા અને પોલીસને જાણ કરવા પત્ર લખવામાં આવ્યો હતો.

## સોલિડ વેસ્ટ વિભાગમાં મોટા કૌભાંડની આશંકા

દર્શન નાયકે રજૂઆતમાં ગંભીર શંકા વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, ખજોદ સોલિડ વેસ્ટ વિભાગમાં કોઈ મોટા કૌભાંડની શક્યતા નકારી શકાય નહીં. અધિકારીઓની જાણ અથવા સંડોવણી વિના આટલો મોટો કચરો બહાર જવો શક્ય નથી. નાગરિકો પાસેથી કચરા નિકાલનો વેરો વસૂલ્યા બાદ પણ ૭૫ કિ.મી. દૂર ગેરકાયદે રીતે કચરો નાંખવામાં આવી રહ્યો છે, જે ગંભીર પ્રશ્ન ઊભો કરે છે.

# IPS શમશેરસિંઘની ગુજરાતમાં ફરી એન્ટ્રી

**DGP** તરીકે નિમણૂક અપાશે કે નહીં ? તે અંગે જોરદાર ચર્ચા શરૂ થઇ



ગાંધીનગર : રાજ્ય સરકારે તાજેતરમાં ઈન્ચાર્જ ડીજીપી તરીકે ડૉ. કે. એલ. એન. રાવની નિમણૂકનો આદેશ બહાર પાડયા પછી હવે ગુજરાતમાં સીનિયર આઈપીએસ શમશેરસિંઘની એન્ટ્રી થઈ છે. જેના પગલે શુ કરવા શમશેરસિંઘને ડીજીપી તરીકે નિમણૂક અપાશે કે નહીં ? તે મુદ્દે સચિવાલયના ગલિયારાઓમાં જોરદાર ચર્ચા શરૂ થઈ જવા પામી છે.

સીનિયર આઈપીએસ ડો. શમશેર સિંઘને ગુજરાત કેડરમાં પરત ફરવાની કેન્દ્ર સરકાર તરફથી લીલીઝંડી મળી ગઈ છે. હવે શમશેરસિંઘને ઈન્ચાર્જ ડીજીપી તરીકે જવાબદારી સોંપાઈ શકે છે. આઈપીએસ ડો. શમશેર સિંઘ આગામી માર્ચ 2026 માં નિવૃત્ત થઈ રહ્યાં છે. ત્યારે વર્તમાન ઈન્ચાર્જ ડીજીપી ડો. કે. એલ. એન. રાવ પાસેથી શમશેર સિંઘને ચાર્જ સોંપાઈ શકે છે.

2025 ના વર્ષની શરૂઆતમાં જ ગુજરાતમાં 1991ની બેચના આઈપીએસ અધિકારી ડૉ. શમશેરસિંઘને કેન્દ્ર સ્તરે મોટી જવાબદારી સોંપવામાં આવી હતી. આઈપીએસ ડૉ. શમશેર સિંઘને બીએસએફને એડીજીપી બનાવાયા હતા, ડો તેમને ડ઼ીજીપી બનાવાય તો આગામી માર્ચ 2026 સુધી પદ સંભળી શકશે. અલબત્ત કોને ડીજીપી બનાવાશે , તે મુદ્દે સરકારમાં સસ્પેન્શ યથાવત રહ્યું છે.

**1500 કરોડના ચકચારી NA કૌભાંડમાં**

# સુરેન્દ્રનગરના તત્કાલીન કલેક્ટર ડૉ. રાજેન્દ્રકુમાર પટેલની ધરપકડ

**કોર્ટે** આગામી 7 જાન્યુઆરી સુધીનાં રિમાન્ડ મંજૂર કર્યા

ગાંધીનગર : અંદાજિત રૂા.1500 કરોડના એનએ - જમીન કૌભાંડમાં હવે એન્ફોર્સમેન્ટ ડાયરેકટોરેટ (ઈડી) દ્વારા આજે સુરેન્દ્રનગરના કલેકટર ડૉ રાજેન્દ્રકુમાર પટેલની ધરપકડ કરીને તેમને સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરી 7 જાન્યુઆરી સુધીના રિમાન્ડ મેળવાયા છે. અગાઉ ઈડી દ્વારા સુરેન્દ્રનગર જિલ્લા નાયબ મામલતદાર ચંન્દ્રસિંહ મોરીની ધરપકડ કરીને તેના નિવાસ્થાનેથી 67.50 લાખની રોકડ જપ્ત કરી લીધી હતી.

ઈડીની પુછપરછ દરમ્યાન નાયબ મામલતદાર મોરીએ જ વટાણા વેરી નાંખ્યા હતા. તેણે જમીન એનએ કરવામાં ખુદ કલેકટરની સંડોવણી હોવાનું સ્પષ્ટ નિવેદન ઈડીની ટીમ સમક્ષ આપ્યુ છે. ઈડીની ટીમે જયારે દરોડા પાડયા ત્યારે ડૉ રાજેન્દ્ર પટેલના નિવાસ્થાનેથી સોલાર પ્રોજેકટ સહિત જુદી જુદી એનએન સહિતની 100 ફાઈલોની વિગતો મળી છે. જયારે આ ફાઈલો પણ ત્યા જ પડી હતી. સુરેન્દ્રનગર કલેકટર તથા તેમના નાયબ મામલતદાર ચંન્દ્રસિંહ મોરી , કલેકટરના પીએસ જયરાજસિંહ ઝાલા તથા કલાર્ક મયૂરસિંહલ ગોહિલના મોબાઈલ ફોનમાં ઈડીની ટીમને એએ જમીન કૌભાંડના મહત્વના પુરાવાઓ તથા લાંચ લીધી હોવાની વિગતો તથા હિસાબ પણ મળી આવ્યો છે. કલેકટરના બંગલે એનએ - જમીનની 100 ફાઈલો તથા તેના પેપર્સ મળી આવ્યા છે. આ સમગ્ર ભ્રષ્ટ ગેંગ દ્વારા પહેલા તો એનએની પ્રક્રિયા વિલંબમાં નાંખવામાં આવતી હતી. તે પછી જો ઝડપથી કામ કરાવવું હોય તે સ્પીડ મની તરીકે એનએ કરવા માટે રૂપિયા આપવા પડશે, તેવુ કહીને ચો.મી દીઠ રૂપિયા આપવા પડશે ,તેવુ અરજદારને કહેવામાં આવતુ હતું. આ રીતે વચેટિયા, એજન્ટો અને સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર ઓફિસના અધિકારીઓ દ્વારા રીતસરનું ખંડણીનું કૌભાંડ ચાલી રહ્યું હતું. જો કે સૌથી મહત્વની બાબત એ છે કે ઈડીની ટીમે સુરેન્દ્રનગર કલેકટર ડૉ રાજેન્દ્રકુમાર પટેલ સામે દરોડાની કાર્યવાહી હાથ ધરતાં પહેલા ભાજપના દિલ્હી દરબારમાંથી પોલીટિકલ ક્લિયરન્સ મેળવી લીધુ હતું. નાયબ મામલતદાર ચંન્દ્રસિંહ મોરીને હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયા છે. નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘરેથી 67.50 લાખ રૂપિયાની રોકડ મળી આવી હતી, જે લાંચની રકમ હોવાનું માનવામાં આવે છે. સુરેન્દ્રનગરનો વધારાનો ચાર્જ ડીડીઓ કે.એસ. યાજ્ઞિકને સોંપાયો છે. સોલાર પ્રોજેકટના એક ઉદ્યોગપતિએ છેક પીએમઓ સુધી લાંચની ફરિયાદ કરતાં ઈડીએ દરોડાની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

# ચેક રિટર્ન કેસમાં હીરા વેપારીને સજા

સુરતઃ ૨૨ લાખના ચેક રિટર્ન કેસમાં મુંબઈના હીરા વેપારીને કોર્ટે ૧ વર્ષની સજા ફટકારી છે.

કતારગામ નંદીગ્રામ સોસાયટી પાસે આકૃતિ રેસીડેન્સીમાં રહેતા ડેનિશ વિનોદભાઈ પોકીયા હીરા ખરીદ વેચાણનો ધંધો કરે છે. એપ્રિલ ૨૦૨૨માં હીરા દલાલ કનકભાઈ ગઢિયા મારફતે સુરત તેમજ મુંબઈમાં તૈયાર હીરા વેચાણનો ધંધો કરતા વિજય અંબાલાલ ભંડારીના સંપર્કમાં આવ્યા હતા. આરોપી વિજય ભંડારી ફરિયાદી ડેનિશ પોકીયા પાસેથી સને ૨૦૨૩માં રૂ.૨૨ લાખના તૈયાર હીરા વેચાણ માટે લઈ ગયા હતા. જેના પેમેન્ટ પેટે રૂ.૧૧- ૧૧ લાખના બે ચેક આપ્યાં હતાં, જે ચેક રિટર્ન થયા હતા. આ અંગે ડેનિશ પોકીયાએ એડવોકેટ યોગેશ જોગાણી મારફતે કોર્ટમાં ચેક રિટર્નનનો કેસ કર્યો હતો. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપી વિજય ભંડારીને ૧ વર્ષની સજા અને રૂ.૨૨ લાખ ચેક રિટર્ન થયા તારીખથી ૬ ટકા વ્યાજ સહિત ચૂકવવા હુકમ કર્યો છે.

# પુણામાં પાર્સલના વિવાદમાં યુવક અને ભાઈઓ પર જીવલેણ હુમલો

**પાંચ** હુમલાખોરે ઢીકમુક્કી, લોખંડના પાઈપના ઘા ઝીંકી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મામલો પોલીસમાં

સુરતઃ પુણા આશીર્વાદ ટેક્સટાઈલ માર્કેટમાં પાર્સલ કામના જૂના વિવાદમાં યુવક અને તેના ભાઈઓ પર જીવલેણ હુમલો થયો હોવાની ગંભીર ઘટના સામે આવી છે.

ગોડાદરા આસપાસ નહેર પાસે શક્તીનગરમાં રહેતો પરવેજ સંતરામ ગૌસ્વામી પુણા લેન્ડમાર્ક પાસેની આશીર્વાદ ટેક્સટાઈલ માર્કેટમાં પાર્સલ સિલાઈનું કામ કરે છે. તેની ફરિયાદ મુજબ, ગત 31-12-2025ના રોજ પુણાની આર.આર. ટી.એમ. માર્કેટમાંથી પરત ફરતા સમયે આશીર્વાદ ટેક્સટાઈલ માર્કેટના એક્ઝિટ ગેટ પાસે આરોપી રાજન રમેશ કોરી સાથે તેમની મુલાકાત થઈ હતી. અગાઉ પરવેજ ગૌસ્વામીએ રાજન કોરી પાસે પાર્સલનું કામ કર્યું હતું. આ દરમિયાન રાજને પરવેજને લિફ્ટમેનને ગાળો આપવાનો આરોપ મૂક્યો હતો. પરવેજે પોતે ગાળો ન આપી હોવાનું કહી ત્યાંથી ચાલ્યા ગયા હતા. આ મામલો અહીં અટક્યો નહોતો. 01-01-2026ના રોજ બપોરે અંદાજે 3.30 વાગ્યાના સુમારે રાજન રમેશ કોરી, રાકેશ સંતોષ ચૌહાણ, શિવા ત્રિપાઠી અને પંકજ રવિન્દ્ર તિવારી સહિતના શખ્સોએ ગેરકાયદેસર મંડળી રચી, રાજન કોરીએ આશીર્વાદ ટેક્સટાઈલ માર્કેટની દુકાન નં. 106ની લોબીમાં પરવેજને ગંદી ગાળો આપી હતી. બાદમાં રાકેશ, શિવા અને પંકજને બોલાવી પરવેજને ઢીક-મુક્કીનો માર મારી રાજન કોરીએ "હવે પછી મળીશ તો જાનથી હાથ ધોઈ બેસીશ" તેવી ધમકી આપી હતી.

થોડી જ વારમાં આશીર્વાદ માર્કેટના એક્ઝિટ ગેટ પાસે રાજન કોરી, રાકેશ ચૌહાણ, શિવા ત્રિપાઠી, પંકજ રવિન્દ્ર તિવારી અને ઓમ શિવ પાંડે પ્રાણઘાતક હથિયારો સાથે પહોંચ્યા હતા. ત્યાં પરવેજ ગૌસ્વામી, તેના ભાઈ સર્વેશ ગૌસ્વામી અને રાજકુમાર ગૌસ્વામી સાથે ઘમાસાણ હાથાપાઈ થઈ હતી.

રાકેશ ચૌહાણે લોખંડના પાઈપ જેવા હથિયારથી રાજકુમાર ગૌસ્વામીના માથામાં ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બીજો ઘા મારવા જતા પરવેજે બચાવ કરતાં તેના ડાબા હાથમાં પણ ઈજા પહોંચી હતી. બનાવ અંગે પુણા પોલીસે રાજન રમેશ કોરી અને તેની મંડળી વિરુદ્ધ રાયોટીંગ સહિતના ગુનાઓ હેઠળ કેસ નોંધ્યો છે.

**સુરત જિલ્લા પંચાયતની અનોખી પહેલ**

# ૪૫૦ વિદ્યાર્થીની ઔદ્યોગિક સંસ્થાઓ અને ડેરીની મુલાકાત

**'પ્રોજેક્ટ** કલ્પના'થી વિદ્યાર્થીઓને મળ્યું શૈક્ષણિક સાથે વ્યવહારુ જ્ઞાન

સુરતઃ સુરત જિલ્લા પંચાયત દ્વારા વિદ્યાર્થીઓને પરંપરાગત વર્ગખંડ શિક્ષણની સાથે વાસ્તવિક અને અનુભવ આધારિત જ્ઞાન મળે તે હેતુથી 'પ્રોજેક્ટ કલ્પના' અમલમાં મૂકાયો છે. જે અંતર્ગત આ વર્ષે સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓની પ્રાથમિક શાળાઓના અંદાજે ૪૫૦ જેટલા વિદ્યાર્થીને અગ્રણી ડેરી, ઔદ્યોગિક અને શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત કરાવવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને સુરતની સુમુલ ડેરી, સાયન્સ સેન્ટર, AM/NS (સ્ટીલ ઉદ્યોગ) તથા SVNIT જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની વિશેષ મુલાકાત કરાવવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ડેરી ઉદ્યોગ, ઔદ્યોગિક ઉત્પાદન પ્રક્રિયા, આધુનિક મશીનરી, વૈજ્ઞાનિક સંશોધન તથા ઉચ્ચ શિક્ષણની કાર્યપ્રણાલી અંગે પ્રત્યક્ષ માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન આધુનિક ટેકનોલોજી, સંશોધન કાર્ય અને ઔદ્યોગિક પ્રક્રિયાઓને નજીકથી નિહાળવાની તક મેળવી. પરિણામે બાળકોમાં વૈજ્ઞાનિક વિચારશક્તિ, તર્કશક્તિ અને નવી ટેકનોલોજી પ્રત્યે રસ વિકસ્યો હોવાનું શિક્ષકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

જિલ્લા પંચાયત દ્વારા હાથ ધરાયેલો 'પ્રોજેક્ટ કલ્પના' વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે એક સકારાત્મક અને પ્રેરણાદાયક પ્રયાસ સાબિત થયો છે.

# પીપલોદના યુવક સાથે ટાસ્ક પૂરા કરવાના નામે 11 .35 લાખની ઠગાઇ

**ટેલિગ્રામ** પર હોટલ રિવ્યૂના ટાસ્ક આપી ટુકડે-ટુકડે રકમ ટ્રાન્સફર કરાવી લીધી

સુરત : સુરત શહેરમાં સાયબર ઠગાઈના બનાવો દિવસે ને દિવસે વધી રહ્યા છે. પીપલોદ વિસ્તારમાં રહેતા એક યુવકને ટેલિગ્રામ ચેનલ મારફતે ઉંચા વળતરની લાલચ આપી ગૂગલ હોટલ રિવ્યૂના ટાસ્ક કરાવવાના બહાને રૂ.11.35 લાખની છેતરપિંડી કરાઈ હોવાનો ગંભીર કિસ્સો સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં નોંધાયો છે. પીપલોદ સુરભી એપાર્ટમેન્ટમાં રહેતા ધ્રુવતેજ સુરેશભાઈ પટેલ ઘરેથી યુએસબેઝ કંપનીમાં નોકરી કરે છે. ધ્રુવતેજ પટેલે સાયબર ક્રાઇમ પોલીસને આપેલી ફરિયાદ મુજબ, તનિશા એચ.આર. કોઈન બીએક્ષ સહિતના અલગ-અલગ 22 આઈડી ધારકો દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ આઈડી ધારકોએ ગૂગલ પર હોટલ રિવ્યૂ આપવાના સરળ ટાસ્ક પૂરા કરવાથી ટૂંકા સમયમાં ઉંચું વળતર મળશે તેવી લાલચ આપી હતી. શરૂઆતમાં નાની રકમ ટ્રાન્સફર કરાવી વિશ્વાસ બેસાડવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીઓએ ટાસ્ક પૂર્ણ કરવામાં ભૂલ થઈ હોવાનું કહી વિવિધ ચાર્જ અને ઇન્વેસ્ટમેન્ટના બહાને ધ્રુવતેજ પાસેથી વારંવાર રૂપિયા મંગાવ્યા હતા. ફરિયાદ અનુસાર, અલગ-અલગ સમયમાં યુપીઆઇ અને બેંક એકાઉન્ટ મારફતે 22 અલગ વ્યક્તિઓના ખાતામાં ટુકડે-ટુકડે કરીને કુલ રૂપિયા 11.35 લાખ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. આ રકમ સામે માત્ર રૂપિયા 5,700 જેટલું નામમાત્ર વળતર ચૂકવવામાં આવ્યું હતું. બાકી રકમ પરત માંગતા આરોપીઓએ સંપર્ક તોડી નાખ્યો હતો. પોતે સાયબર ઠગાઈનો ભોગ બન્યો હોવાનું સ્પષ્ટ થતાં ધ્રુવતેજ પટેલે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# કોર્ટમાં હાજર થવાના ડરથી વૃદ્ધે આપઘાત કરી લીધો

**પાલનપુર** ગામમાં રહેતા વૃદ્ધનો વતનમાં પારિવારિક કોર્ટ કેસ ચાલી રહ્યો હતો

સુરતઃ પાલનપુર ગામ વિસ્તારમાં રહેતા 76 વર્ષીય વૃદ્ધે કોર્ટમાંથી હાજર થવાનું સમન્સ આવતાં તણાવમાં આપઘાત કરી લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મહારાષ્ટ્રના રાયગઢના વતની ભાસ્કરભાઈ ભિવાજી વાડકર પાલનપુર ગામમાં પંચવટી સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત્ત જીવન વિતાવતા હતા. શુક્રવારે સવારે ભાસ્કરભાઈએ ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં તેમના પુત્ર કેયુરે પિતાને નીચે ઉતારીને 108 એમ્બ્યુલન્સથી સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. જો કે, તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ પાલ પોલીસને કરવામાં આવી હતી. પોલીસે સ્મીમેર હોસ્પિટલમાં પહોંચીને પોસ્ટમોર્ટમ માટેની કાર્યવાહી કરી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક ભાસ્કરભાઈ વાડકરના વતન મહારાષ્ટ્રમાં પારિવારિક મામલે કોર્ટ કેસ ચાલી રહ્યો છે, તે અંગે કોર્ટમાં હાજર થવાનું સમન્સ આવ્યું હતું, જેને લઈને તેઓ તણાવમાં હતા અને તેને કારણે આત્મઘાતી પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ખોટા દસ્તાવેજોથી મિલકત પચાવી પાડનાર ભાઈની ધરપકડ કરાઇ

**ખોટું** સોગંદનામું અને બોગસ પેઢીનામું બનાવી મનપામાં મિલક્ત પોતાના નામે કરાવતા મામલો વરાછા પોલીસમાં પહોંચ્યો હતો

સુરત : વરાછાના બોમ્બે માર્કેટ-પૂણાગામ રોડ પર આવેલી ઈશ્વરનગર સોસાયટીમાં મિલ્કત હડપ કરવાનો ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. ઈશ્વરનગર સોસાયટી વિભાગ-01માં રહેતી રત્ન કલાકાર ચંદ્રાકાબેન સુરેશભાઈ મોરી (ઉ.વ. 42)એ પોતાના સગાભાઈ ધર્મેન્દ્ર પ્રભુભાઈ કણઝરીયા સામે વરાછા પોલીસ સ્ટેશનમાં ગંભીર આરોપો સાથે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ધર્મેન્દ્ર જે મકાનમાં રહે છે તે તેમના સ્વર્ગસ્થ પિતાની માલિકીની મિલ્કત છે.

પિતાના અવસાન બાદ ચંદ્રાકાબેન કાયદેસર વારસદાર હોવા છતાં આરોપી ભાઈએ જાણબૂઝી તેમનું નામ દબાવી સમગ્ર પ્રક્રિયા હાથ ધરી હતી. આરોપ છે કે, ધર્મેન્દ્રએ માત્ર રૂપિયા 50ના સ્ટેમ્પ પેપર પર ખોટું સોગંદનામું તૈયાર કરી નોટરી કરાવી હતી. આ સોગંદનામાના આધારે મહેસૂલ વિભાગના તલાટી સમક્ષ મિલ્કત અંગે બોગસ પેઢીનામું તૈયાર કરાવાયું હતું, જેમાં બહેનનું નામ ઈરાદાપૂર્વક સામેલ કરવામાં આવ્યું નહોતું. આ બોગસ પેઢીનામાના આધારે આગળ જઈને ધર્મેન્દ્રએ સુરત મહાનગરપાલિકામાં મિલ્કત પોતાના નામે ચઢાવી લીધી હતી. બહેન તરીકેના હક્કો કાપી નાખી મિલ્કત પચાવી પાડવાના આ પગલાંથી ચંદ્રાકાબેનને મોટું આર્થિક તેમજ માનસિક નુકસાન થયું હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે. મામલો સામે આવતા વરાછા પોલીસે દસ્તાવેજોની ચકાસણી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં દસ્તાવેજોમાં ગેરરીતિ અને ખોટી વિગતો હોવાનું સામે આવતા પોલીસે ધર્મેન્દ્ર પ્રભુભાઈ કણઝરીયા (ઉ.વ. 33, રહે, ઈશ્વરનગર સોસાયટી વિભાગ-02, પુણા બોમ્બે માર્કેટ રોડ, વરાછા)ની ધરપકડ કરી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### વેસુમાં મધરાતે...

ત્રણ વીજપોલ તૂટી પડ્યા અને એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે. સમગ્ર ઘટનાના સીસીટીવી દૃશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી છે.

આ ઘટના અંગે પોલીસે જણાવ્યું હતું કે, કાપડના વ્યવસાય સાથે સંકળાયેલો નબીરો મંથન પટેલ મહિન્દ્રાની ઈલેક્ટ્રિક BE-6 કારમાં દારૂ પીધેલી હાલતમાં હતો અને તે BMW કાર ચલાવતા ઝલક નામના યુવાન સાથે રેસ લગાવી રહ્યો હતો. બંને કાર પૂરપાટ ઝડપે એકબીજાને ઓવરટેક કરતી આગળ વધી રહી હતી. આ દરમિયાન, રસ્તા પર જઈ રહેલી સ્વિફ્ટ કારને પાછળથી જોરદાર ટક્કર વાગી હતી, જેને ચલાવી રહેલી એશા જૈનને પીઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલુ છે.

અકસ્માતની તીવ્રતા એટલી વધુ હતી કે રેસમાં સામેલ ત્રણેય કાર સંપૂર્ણ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના ત્રણ લાઈટ પોલ જમીનદોસ્ત થઈ ગયા. અકસ્માત બાદ એક આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, જ્યારે BE-6 કારનો ચાલક મંથન પટેલ ભાગતો જોવા મળ્યો હતો. ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજમાં રેસિંગ અને અકસ્માત બાદ ભાગવાની સમગ્ર ઘટના કેદ થઈ છે, જે હાલ વાયરલ બની છે. આ ફૂટેજના આધારે વેસુ પોલીસે મંથન પટેલને પકડી લીધો છે. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે તે સમયે મંથન દારૂના નશામાં હતો. વેસુ પોલીસ દ્વારા ડ્રંક ડ્રાઈવિંગ, જોખમી ડ્રાઈવિંગ અને ગંભીર અકસ્માત સર્જવાના ગુનાઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. BMW કારનો ચાલક ઝલક અને તેની સાથે રહેલો અન્ય યુવક હાલ ફરાર છે, જેમની શોધખોળ માટે ટીમો બનાવવામાં આવી છે. મહેન્દ્ર કારમાંથી દારૂની બોટલ પણ મળી આવી છે.

### ઋષિ આહીર જાતે પોલીસમાં હાજર થયો, બ્લડ રિપોર્ટ આલ્કોહોલ નેગેટિવ

BMW ચાલક ઝલક હીરાભાઈ આહીર જાતે બપોરે પોલીસ સ્ટેશન હાજર થયો હતો અને તેણે બચાવમાં જણાવ્યું હતું કે તેને પાછળથી ટક્કર લાગવાને કારણે તેની કાર સ્વિફ્ટ સાથે અથડાઈ હતી. પોલીસે ઝલકને નવી સિવિલ હોસ્પિટલમાં બ્લડ સેમ્પલ માટે મોકલ્યો હતો. જો કે ઋષિનો આલ્કોહોલનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જો કે, હજુ સુધી હર્ષ કાકડીયા ક્યાં છે તે અંગે પોલીસ તપાસ કરી રહી છે અને મંથન પટેલની અટકાયત કરવામાં આવી છે.

### બંને લક્ઝરી...

CCTVના આધારે અકસ્માત પૂર્વેની હલચલ, કારોની ગતિ અને ટક્કરની તીવ્રતા અંગે ફોરેન્સિક તપાસ પણ કરવામાં આવી રહી છે.

### ચૂંટણી પહેલા...

રાહત મળશે, જો કે આ સાથે જેણે સમયસર વેરો ભરી દીધો છે તેને અન્યાય થનાર હોવાથી શાસકો વોટબેંકની લ્હાયમાં આર્થિક પડકારો સામે ઝઝુમી રહેલી મનપાની તિજોરીને નુકસાન થાય અને નિયમિત વેરો ભરતા મિલકદારોને અન્યાય થાય તેવા નિર્ણયો લઇ રહ્યા હોવાની છાપ ઉપસી રહી છે.

### 7 લાખની...

કાર માટે GJ-05-JV-0001 નંબર મેળવવા 3.30 લાખની બોલી લગાવી હતી.2025ના વર્ષમાં સૌથી ઊંચી બોલી 5.94 લાખની GJ-05-JU-7777 નંબર મેળવવા લાગી હતી. જેગુઆર કારના માલિકે આ નંબર મેળવ્યો હતો. બીજા ક્રમે ડિફેન્ડર કાર ખરીદનાર માલિકે GJ-05-JW-0001 નંબર મેળવવા 4.07 લાખ ખર્ચ કર્યા હતા. ત્રીજા ક્રમે રેન્જ રોવરના માલિકે GJ-05-JU-8888 નંબર ખરીદવા 3.75 લાખ અને એ પછી મારુતિ ઈકોના માલિકે 3.30 લાખનો ખર્ચ કર્યો હતો. પાંચમાં ક્રમે GJ-05-JT-1111 ગોલ્ડન નંબર ક્રિયા સોનેટ કારના માલિકે મેળવવા 3.27 લાખનો ખર્ચ કર્યો હતો. વર્ષ-2025માં સુરત આરટીઓ જૂની નવી એક ડઝન કારની સિરીઝના 38,000 જેટલા ગોલ્ડન અને સિલ્વર વેચાયા હતા. એવી જ રીતે ટુ વ્હીલર સિરીઝના પસંદગીના ગોલ્ડન સિલ્વર નંબરો વેચાયા હતા.

### ઉદ્યોગપતિઓની...

પૈંડા થંભી ગયા હતા. એને લીધે નવા વર્ષના પ્રારંભથી જ સુરતથી ગુજરાતના ત્રણ શહેરોને જોડતી ફ્લાઈટ કંપનીની જાહેરાત મુજબ 7 જાન્યુઆરી સુધી સ્થગિત રાખવામાં આવી છે. જ્યારે એરલાઈનના ઓનલાઈન પોર્ટલ પર 31જાન્યુઆરી 2026 સુધી ટિકિટ બુકિંગ થઈ રહી નથી. એવી ફરિયાદ પેસેન્જરો કરી રહ્યાં છે. આંતરરાજ્ય હવાઈ માર્ગોને સક્ષમ બનાવવા અને રાજ્યની અંદર કનેક્ટિવિટી વધારવા ટાયર-2 સિટી ટાયર-3 સિટી સાથે એર કનેક્ટિવિટી આપવા ગુજરાત સરકારે VGF સ્કીમ શરૂ કરી હતી. આ સ્કીમમાં ગુજરાત સરકાર એરલાઈન્સને વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) પૂરું પાડે છે. તાજેતરમાં બદલી પામેલા સુરતના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર કુમાર અને ધવલ પટેલ રાજ્યનું સિવિલ એવિએશન વિભાગ સાંભળતા હતા. તેમણે ઈન્ટ્રાસ્ટેટ કનેક્ટિવિટીમાં સ્પર્ધા વધે 9 થી 20 સિટર વિમાનો આ કનેક્ટિવિટી આપે એવા આશય સાથે વિભાગે કરાર રિન્યુ કરવા કોઈ નિર્ણય લીધો ન હતો. અધિકારીઓ ટેન્ડર બહાર પડાવી નાના વિમાનની ખરીદી કરનાર સ્પાઈસ જેટ અને સ્ટાર એર સાથે સ્પર્ધા થાય એવા મતના હતા. જોકે વેન્ચુરા એર કનેક્ટ સુરતના હીરા ઉદ્યોગકારોની રાજકીય વગ ધરાવતા કંપની હોવાથી આ કરાર રિન્યુઅલ થાય એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**અમુક નેતાઓએ કરોડોનું ઉઘરાણું કર્યું હોવાની ચર્ચા વચ્ચે**

# 'કોટેજ ઈન્ડસ્ટ્રિઝ'ની ફાઈલો પર આખરે કમિશનરે બ્રેક મારી દીધી

**વિપક્ષ** પ્રભાવિત વિસ્તારમાં સળગેલો કોટેજ ઇન્ડ.નો મુદ્દો શાસકોને ચૂંટણીમાં હંફાવશે

## બિલ્ડરોના પગ નીચે રેલો, મેયરને મળીને રજૂઆત કરી હોવાની ચર્ચા

ફાઇલો પર અચાનક બ્રેક લાગતા બિલ્ડરોના પગ નીચે રેલો આવી ગયો છે. આજે કેટલાક બિલ્ડરો દ્વારા મેયર દક્ષેશ માવાણીને મળીને રસ્તો કાઢવા રજૂઆત કરાઈ હોવાની પણ ચર્ચા છે. મનપા ચૂંટણીના માહોલમાં 'કોટેજ ઇન્ડસ્ટ્રીઝ'નો વિવાદ હવે માત્ર વહીવટી જ નહીં, પરંતુ મોટો રાજકીય મુદ્દો બની ગયો હોવાનું સ્પષ્ટ બની રહ્યું છે.

સુરતઃ સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં 'કોટેજ ઈન્ડસ્ટ્રીઝ'ના નામે પ્લાન પાસ કરાવી ગેરકાયદે ઈન્ડસ્ટ્રીયલ એક્ટિવિટી ધમધમતી થતી હોવાનો મુદ્દો હવે રાજકીય અને વહીવટી તંત્ર માટે મોટો માથાનો દુઃખાવો બન્યો છે. પુણા, સણીયા-કુંભારીયા અને આસપાસના વિસ્તારોમાં ઝડપભેર થયેલા ઈન્ડસ્ટ્રીયલ બાંધકામો સામે સ્થાનિક રહેવાસીઓનો ઉગ્ર વિરોધ વધી રહ્યો છે. રહેણાંક વિસ્તારોમાં અવાજ, ધૂળ, ટ્રાફિક અને પ્રદૂષણ જેવી સમસ્યાઓથી જનજીવન દુષિત બનતા લોકો રસ્તા પર ઉતર્યા છે. અધુરામાં પુરું થોડા દિવસ પહેલા આ જ મુદ્દે અશ્વિનીકુમાર રોડ અને વર્ષા સોસાયટીમાં પણ વિરોધ થઈ ચુકયો છે. આ વિસ્તારો વિપક્ષના ગઢ હોવાથી શાસકો માટે આગામી ચૂંટણીમાં માથાનો દુઃખાવો બને તેવી પણ શકયતા છે.

સ્થાનિકોની ફરિયાદ છે કે, કોટેજ ઈન્ડસ્ટ્રીઝના નામે મર્યાદિત પ્રવૃત્તિની મંજૂરી લઈ મોટા પાયે ઔદ્યોગિક કામકાજ શરૂ કરવામાં આવ્યું છે. સૌથી ગંભીર ચર્ચા એ છે કે અમુક રાજકીય નેતાઓ દ્વારા આવા બાંધકામો માટે કરોડો રૂપિયાનું ઉઘરાણું કરાયુ હોવાની વાતો શહેરમાં ફરી રહી છે. સ્થાનિક લોકોએ વારંવાર રજૂઆત કરી, વિરોધ નોંધાવ્યો, છતાં બાંધકામો ચાલુ રહ્યા અને આખરે પૂર્ણ પણ થઈ ગયા, જેના કારણે તંત્રની ભૂમિકા સામે પ્રશ્નો ઊભા થયા છે. આ સમગ્ર મામલો હવે સીધો સીએમઓ સુધી પહોંચતા વહીવટી તંત્ર પણ ભીંસમાં મુકાયું છે. મનપાની આવનારી ચૂંટણીને ધ્યાને લેતા આ મુદ્દો ભાજપ માટે રાજકીય રીતે સંવેદનશીલ બની રહ્યો છે. રહેણાંક વિસ્તારોમાં ઉદ્યોગો અંગેનો જનઆક્રોશ ચૂંટણીમાં નકારાત્મક અસર કરે તેવી આશંકા પણ વ્યક્ત થઈ રહી છે. વિવાદ વધતા અંતે મનપા કમિશનરે કડક પગલું લઈ કોટેજ ઈન્ડસ્ટ્રીઝ સંબંધિત તમામ ફાઈલો પર બ્રેક મારી દીધી છે. એટલું જ નહીં, કોટેજ ઈન્ડસ્ટ્રીઝના નામે થતી ઈન્ડસ્ટ્રીયલ એક્ટિવિટીથી થતું ન્યૂસન્સ કેવી રીતે અટકાવી શકાય તે અંગે તમામ ઝોન અને સંબંધિત વિભાગો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા છે.

# વાઈબ્રન્ટ ગુજરાત કચ્છ રિજનલ કોન્ફરસન્માં રૂ.8500 કરોડના MoU સાઇન થયા

ગાંધીનગર : આજરોજ કચ્છના ગાંધીધામ ખાતે વન-પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ વાઈબ્રન્ટ કચ્છ ડિસ્ટ્રીક્ટ લેવલ પ્રોગ્રામનો પ્રારંભ કરાવ્યો હતો. વાઈબ્રન્ટ કચ્છ કાર્યક્રમમાં કુલ ૩૩૪ MSME એકમો સાથે રૂ.૮૫૦૦ના કરોડના MoU સાઈન થયા હતા.ડૉ. બાબાસાહેબ આંબેડકર કન્વેશન સેન્ટર ગાંધીધામ ખાતે વાઈબ્રન્ટ કચ્છ કાર્યક્રમનો શુભારંભ કરાવતા વન-પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, કચ્છની ખમીરવંતી પ્રજાએ અનેક કુદરતી આફતોની પીડા વેઠીને આજે કચ્છને વિકાસનું કેન્દ્ર બનાવ્યું છે. સરકારના વિઝન અને કચ્છીઓની ખુમારી થકી કચ્છ ઔદ્યોગિક હબ બન્યું છે. કચ્છ આજે ટુરીઝમ, ખેતી તથા ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર બન્યું છે. કચ્છ રીન્યુએબલ એનર્જીનું હબ સાથે દેશનો ૪૦ ટકા કાર્ગો હેન્ડલ કરી રહ્યું છે. મોઢવાડિયાએ આવનારા સમયમાં કચ્છ ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટના પીસીબીના નિમાર્ણ માટે, ગ્રીન હાઈડ્રોજન, ડેટા સેન્ટર, બ્લુ ઈકોનોમી જેવા ક્ષેત્રના વિકાસ માટે મુખ્ય કેન્દ્ર બની શકે તેમ હોય રોકાણકારોને તેમાં જોડાવવા હાકલ કરી હતી.